**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**

**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**

**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. IV-૧૨૩-૨૦૧૪-૧૫**

અરજદાર: શ્રી ડાહ્યાભાઇ ધુળજીભાઇ પટેલ,
ગામ: કાનેસર.

રજુઆત કરનાર: શ્રી ડાહ્યાભાઇ ધુળજીભાઇ પટેલ જાતે

સામાવાળા: જુનીયર ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
લુણાવાડા-૨ સબ-ડિવિઝન.

રજુઆત કરનાર: શ્રી આર. બી. માલીવાડ, જુનીયર એન્જીનીયર, લુણાવાડા-૨ સબ-ડિવિઝન.

ફરીયાદીની તા. ૧૪.૦૨.૨૦૧૫ની ફરિયાદ ૩૦ હો.પા. થી ૧૦ હો.પા. લોડ ઘટાડવા અગેના રીફંડ મળવામાં થયેલ વિલંબ બાબતે અરજ.

ફરિયાદીની વળતર મેળવવા માટેની અરજી ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ નડિયાદ મુકામે તા. ૧૦.૦૪.૧૫ ના રોજ સાંભળવામાં આવી. જેમાં ફરીયાદી તરફે ફરિયાદી શ્રી ડાહ્યાભાઇ ધુળજીભાઇ પટેલ જાતે અને શ્રી આર. આર. પટેલ તથા સામાવાળા એમજીવીસીએલ તરફે શ્રી આર. બી. માલીવાડ, જુનીયર એન્જીનીયર, લુણાવાડા-૨ સબ-ડિવિઝન ના હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા.

ફરીયાદીની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. ફરિયાદીનું ૩૦ હો.પા. નું કનેક્શન મહી નદીમાંથી લીફ્ટ ઇરીગેશન માટેનું હતું. ફરિયાદીએ આ કનેક્શનને ૩૦ હો.પા. થી ઘટાડીને ૧૦ હો.પા.નું કરવા સામાવાળા ની લુણાવાડા અને વિભાગીય કચેરી, ગોધરાને જાણ કરેલ. પરંતુ સામાવાળાએ ઘણો વિલંબ કરી આ હો.પા. માં ઘટાડો કરેલ. જેથી ફરિયાદીને થયેલ આર્થિક નુકશાન મેળવવા સામાવાળાને અરજી કરેલ. પરંતુ સામાવાળાએ સંતોષકારક જવાબ આપેલ નહીં. જેથી સામાવાળાની ગોધરા કચેરી સાથે પણ પત્રવ્યવહાર કરેલ. પરંતુ ત્યાંથી પણ જવાબ મળેલ નહીં. જેથી હાલની ફરિયાદ ફોરમ સમક્ષ કરેલ છે.

ફરિયાદીએ જાતે સુનવણી દરમ્યાન ફોરમ સમક્ષ હાજર રહીને જણાવ્યું કે, ૩૦ હો.પા. નું કનેક્શન ૧૦ હો.પા. નું કરવા સામાવાળાને અરજ કરેલ. પરંતુ સામાવાળાએ લાંબો સમય અમારૂં કનેક્શન ૧૦ હો.પા. નું કરેલ નહીં. અને ૩૦ હો.પા. નું બીલીંગ ચાલુ રાખેલ. જેથી નુકશાન થયેલ છે. જે તેમની અરજીની તારીખથી ૧૦ હો.પા. ગણીને રીફંડ અપાવવા માંગણી કરેલ.

સામાવાળા તરફે શ્રી આર. બી. માલીવાડ, (જુનીયર એન્જીનીયર, લુણાવાડા-૨ સબ-ડિવિઝન) ના હાજર રહ્યા અને જણાવ્યું કે,

- ડાહ્યાભાઇ ધુળાભાઇ પટેલ ગામ: કાનેસર ખાતે ખેતી વિષયક વીજ જોડાણ ધરાવે છે જેનો ગ્રાહક નં. ૦૯૮૨૮/00૩૧૦/૧ છે.

- ફરિયાદીએ સદર ખેતી વિષયક વીજ જોડાણને ગ્રાહક દ્વારા હંગામી ધોરણે ડીસ કનેક્શન કરવા માટે તા. ૩૧.૦૭.૧૨ ના રોજ અરજ કરેલ. જેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે, મીટર રૂમ રીપેરીંગની કાર્યવાહી કરવાની હોઇ હંગામી ડીસ કનેક્શન કરાવવું છે. હંગામી ડીસ કનેકશન સમય દરમિયાન વીજ બીલના નાણાં ભરવા સંમત છું.
- ગ્રાહકની હંગામી ડીસ કનેક્શનની અરજીના અનુસંધાને ઓફિસ કાર્યવાહી કરી તા. ૦૩.૦૯.૨૦૧૨ ના રોજ સદર ખેતી વિષયક વીજ જોડાણનું હંગામી ડીસ કનેક્શન કરવામાં આવ્યું.
- ફરિયાદી દ્વારા તા. ૧૯.૧૨.૧૨ ના રોજ લોડ ઘટાડવા માટે અત્રેની કચેરીએ અરજીની નોધણી કરાવેલ હતી. લોડ ઘટાડવાની જરૂરી કાર્યવાહી કરી વિભાગીય કચેરીની તા. ૧૭.૦૬.૧૩ ની મંજૂરી મેળવી તા. ૨૫.૦૬.૧૩ એગ્રીમેન્ટ કરાર કરાવી પૂર્ણ કરવામાં આવેલ. વિભાગીય કચેરીની મંજૂરી મુજબ લોડ ઘટાડાની અસર તારીખ ૦૧.૦૧.૧૩ થી આપવામાં આવેલ છે. તે મુજબ ફરિયાદીને જુન-૨૦૧૩ માં રૂા. ૮,૦૭૪/- રીફંડ જમા આપવામાં આવેલ. જેની અસર જુલાઇ-૨૦૧૩ ના બિલ થી આપવામાં આવેલ છે.
- ત્યારબાદ સદર ગ્રાહક ખેતી વિષયક વીજ જોડાણ અન્ય સર્વે નંબરમાં સ્થળ ફેરફાર કરવા માટે અત્રેની કચેરીએ અવાર નવાર રજુઆત કરવા આવેલ. પરંતુ કંપનીના નિયમ મુજબના જરૂરી દસ્તાવેજી પુરાવાની પૂર્તતા ન કરી શકવાથી તા. ૨૮.૧૧.૨૦૧૩ ના રોજ મુળ જગ્યાએ ચાલુ કરી આપવા માટે અરજી આપેલ, સદર ગ્રાહકની ફાઇલનો અભ્યાસ કરતા સદર વીજ કનેક્શન નદી ઉપર આપવામાં આવેલ હતુ. તેમાં નદીમાંથી પાણી ખેંચવાની મંજૂરી એક વર્ષ માટેની જ હતી જે પૂર્ણ થઇ ગયેલ હોઇ અને કનેક્શન ડીસકનેક્ટ કરેલ હોઇ કંપનીના નિયમ મુજબ નદીમાંથી પાણી ખેંચવાની નવીન મંજૂરી રજુ કરવા અત્રેની કચેરી દ્વારા પત્ર નં. ૪૧૩૦ તા. ૦૨.૧૨.૧૩ ના રોજ રજુ કરવા જાણ કરવામાં આવેલ હતી.
- ગ્રાહકે તા. ૨૩.૦૪.૨૦૧૪ ના રોજ નદીમાંથી પાણી ખેંચવાની નવીન મંજૂરી રજુ કરી વીજ જોડાણ ચાલુ કરી આપવા લેખિતમાં રજૂઆત કરેલ. જેના અનુસંધાને વીજ જોડાણ તારીખ ૦૭.૦૫.૨૦૧૪ ના રોજ પુન: ચાલુ કરી આપવામાં આવેલ છે.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા બન્ને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરી. ફરિયાદીએ સુનવણી દરમ્યાન રજૂઆત કરેલ છે કે, તેઓએ ૩૦ હો.પા. થી ૧૦ હો.પા. નો લોડ ઘટાડવા અરજી કરેલ. ત્યારબાદ ઘણા લાંબા સમય બાદ લોડ ઘટાડવામાં આવેલ. જેથી તેઓને રીફંડ મળવામાં વિલંબ થયેલ છે. પરંતુ ફરિયાદીએ તા. ૧૯.૧૨.૧૨ ના રોજ લોડ ઘટાડવા માટે અરજી કરેલ. ત્યારબાદ તા. ૨૩.૦૫.૧૩ ના રોજ વિભાગીય કચેરી મંજૂરી મેળવવા અરજી મોકલવામાં આવેલ. જે મંજૂરી વિભાગીય કચેરીએ તા. ૧૭.૦૬.૧૩ ના રોજ આપેલ. વિભાગીય કચેરીએ તા. ૧૭.૦૬.૧૩ ના રોજ લોડ ઘટાડવા ની મંજૂરી આપેલ. પરંતુ તેની અસર તા. ૦૧.૦૧.૧૩ થી ગણવા જણાવેલ. જેથી ફરિયાદીને તા. ૦૧.૦૧.૧૩ થી લોડ ઘટાડા ના રીફંડની રકમ જુન-૨૦૧૩ માં જમા આપેલ છે. ફરિયાદીએ લોડ ઘટાડાની અરજી તા. ૧૯.૧૨.૨૦૧૨ ના રોજ કરી હતી જેનો અમલ ત્યાર પછીના મહિનાની પહેલી તારીખથી કરેલ છે જે નિયમ મુજબ છે. આમ, ફરિયાદીને લોડ ઘટાડવા બાબતે કોઇ નુકશાન થયેલ છે તેમ કહી શકાય નહીં. તેવું ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

ફરિયાદી શ્રી ડાહ્યાભાઇ ધુળજીભાઇ પટેલ, મુ.પો. કાનેસર, તા. ખાનપુર, જી. મહીસાગરનાને હુકમ કરવામાં આવે છે કે મધ્ય ગુજરાત વીજ કંપનીએ લોડ ઘટાડાની અસર અરજીની તારીખ પછીના મહિનેથી આપેલ છે અને તે અંગેનો રીફંડ આપવામાં વિલંબ કરેલ નથી. તેમજ કનેક્શન રીકનેક્ટ કરવા માટે નિયમ મુજબ નદીમાંથી પાણી ખેંચવાની જે તે સરકારી વિભાગની મંજૂરી માંગેલ જે યોગ્ય છે.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ</u>:

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.